# પરાક્રમી કોણ ?

– ભારતીબહેન ગોહિલ

જંગલમાં નાતાલની ઉત્સાહપૂર્વક ઉજવણી ચાલી રહી હતી. વર્ષના અંતિમ દિવસો માણી લેવાની સૌ કોઈમાં હોડ જામી હતી. ગણતરીના કલાકોમાં જ ચાલુ વર્ષ વિદાય લેવા જઈ રહ્યું હતું અને નવા વર્ષને આવકારવા સમગ્ર સૃષ્ટિમાં જાણે કે થનગનાટ વર્તાઈ રહ્યો હતો !

આ જંગલમાં બિલ્લુ નામે એક સસલું રહે. આ સસલું બીજાં પ્રાણીઓના પ્રમાણમાં હતું તો સાવ નાનકડું પણ મીઠું મીઠું બોલીને સામેના તાકાતવર પ્રાણીને પણ પોતાની વાતમાં ફસાવી લેવાની તેનામાં ગજબની આવડત હતી.

બિલ્લુ એક વાર લપાતું-લપાતું ચાલ્યું જતું હતું, ત્યાં જ તેના કાન ચમક્યા ! જોયું તો પાછળથી સરજુસિંહ ધબ.....ધબ....ધબ.....ધબ કરતો ચાલ્યો આવે. પડછંદ એવી લથબથતી કાયા અને મોંને પ્રભાવશાળી બનાવતી કેશવાળી ! ભલભલા દુશ્મન ડરી જાય એવા એના પંજા અને દોસ્તોને પણ ઢીલાઢસ કરી નાખે એવા તાકાતભર્યા દાંત !

બિલ્લુ તો પોતાની આદત મુજબ કહે, 'અરે ! સરજુસિંહજી, આપ ? છો તો ક્ષેમકુશળ ને ?'

સરજુસિંહ કહે, 'હા હો....બિલ્લુ છું તો ક્ષેમકુશળ....' બિલ્લુએ ઉત્સાહથી કહ્યું, 'હા...આપ તો જંગલના બાદશાહ ! સૌથી બળવાન ને સૌથી બુદ્ધિમાન ! જંગલનાં પ્રાણીઓની જવાબદારી આપની. તેથી જ; આપે તો હંમેશાં ક્ષેમકુશળ રહેવું જ પડે,ખરું ને ?' સરજુસિંહને તો મજા પડી ગઈ. કહે, 'હા તારી વાત છે તો સાચી ! જંગલનાં બધાં પ્રાણીઓની સલામતીની જવાબદારી મારી....' આમ વાતો કરતું કરતું સસલું સિંહની સાથે સાથે ચાલવા લાગ્યું.

બિલ્લુએ લાગ જોઈને કહ્યું, 'સરજુસિંહજી.... મને એક વિચાર આવે છે.' સરજુસિંહે જવાબ આપ્યો. 'બોલને....**શો** વિચાર આવે છે ?' બિલ્લુ કહે, 'આ અત્યારે આખા જંગલમાં ઉજવણી ચાલી રહી છે. વર્ષની અગત્યની ઘટનાઓ યાદ કરે છે ને નવા વર્ષને આવકારવાની તૈયારી પણ ચાલી રહી છે....મને લાગે છે કે આપણે સૌથી વધુ પરાક્રમ કર્યું હોય તેને સમૂહમાં બિરદાવી સન્માનિત કરવા જોઈએ. ખાસ તો એટલા માટે કે પરાક્રમ એ આપણા જંગલના દરેક પ્રાણીનો મહત્ત્વનો ગુણ છે !''

સરજુસિંહ કહે, 'પરાક્રમ એ તો સૌ પ્રાણીઓના સ્વભાવ સાથે વણાઈ ગયેલો ગુણ છે. પરાક્રમ બતાવે તે જ ટકી રહે. બાકીનાં નાશ પામે અને હા....બધાં જ પ્રાણીઓ પરાક્રમી હોય ત્યાં કોણ કોનું સન્માન કરે ?'

બિલ્લુ વચ્ચે જ બોલ્યો, ‘ના મહારાજ ! એવું નથી. મારી વાત સૌથી વધુ પરાક્રમીને સન્માનવાની છે અને જંગલમાં સૌથી વધુ પરાક્રમી તો આપ જ છો. આ વાત સૌ જાણે છે એટલે બીજા કોઈને સન્માનવાનો પ્રશ્ન જ નથી. પ્રશ્ન તો આપના સન્માનનો જ છે !’’

સરજુસિંહ તો બિલ્લુની વાતમાં આવી ગયા. કહે, ‘તારી વાત છે તો બરાબર, પણ આ બધો વહીવટ અને કાર્યક્રમની જવાબદારી કોણ સંભાળશે ?’

બિલ્લુ કહે, ‘બધાંને સમાચાર આપવા તે મારું કામ ! અને કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી આપણા વિશ્વાસુ વડીલ એવા સૂરજસાબરની ! તે આવા કાર્યક્રમ કરવામાં માહેર છે અને જંગલનાં બધાં પ્રાણીઓને તેના પર પૂરો ભરોસો છે તેથી ખોટા પ્રશ્નો ઊભા થવાનો ભય જ નહિ.’

સરજુસિંહ તો ખુશ થઈ ગયો. હસતાં–હસતાં જ સસલાની વાતને સંમતિ આપી દીધી.

હવે કામ શરૂ થયું બિલ્લુનું ! તે તો ફરી ફરીને અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં બસ એક જ વાત કહેતું ફરે....

નાનાં–મોટાં–ઊંચાં–નીચાં,

જંગલમાં છે પ્રાણીઓ અપાર.

જે હશે સૌથી પરાક્રમી,

તેનું થવાનું છે સન્માન !

અને બિલ્લુ પાસેથી આ વાત જેણે જેણે જાણી સૌને એમ જ થાય.

હું જ સૌથી પરાક્રમી ને,

હું જ સૌથી બહાદુર,

મને જ મળવું જોઈએ સન્માન,

મારો જ છે તેના પર અધિકાર !

આ બધામાં સરજુસિંહ પણ હતો ! તેણે તો સન્માન માટેની સઘળી તૈયારી પણ કરી લીધી....છતાં બિલ્લુએ સૌને એ વાત તો જણાવી દીધી હતી કે સૌના વડીલ સૂરજસાબર જે નક્કી કરશે તે પ્રમાણે જ પસંદગી થશે.

સૂરજસાબરે આ જવાબદારી સારી રીતે નિભાવવા માટે વ્યવસ્થિત આયોજન કરી નાખ્યું. તેને લગતી વિગતો એકઠી કરી. જરૂરી લાગ્યું ત્યાં રૂબરૂ મળીને પૂરેપૂરી માહિતી એકઠી કરી લીધી. આખા જંગલમાં ખાસ પ્રકારનું વાતાવરણ ઊભું થઈ ગયું હતું. સૌને જાણવાની ઈચ્છા હતી કે આ સન્માન કોને મળશે ?

ને જોતજોતામાં એ સમય આવી ગયો. સૌ પ્રાણીઓ પોતપોતાનાં કામ પડતાં મૂકી નક્કી કરેલા સ્થળે આવી પહોંચ્યાં ને પોતાને અનુકૂળ જગ્યાએ બેસી ગયાં.

સૂરજસાબરે પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. બાજુની જગ્યામાં સન્માન માટે ફૂલહાર તથા ભેટ ગોઠવવામાં આવી હતી.

પ્રસંગને અનુરૂપ થોડી વાત કર્યા પછી સૂરજસાબરે આખા કાર્યક્રમની વિગત આપી દીધી, પણ સૌને રસ હતો એ જાણવામાં કે આ સન્માન મળશે કોને ? ને સૂરજસાબરે જાહેર કર્યું.....આ સન્માન મળે આપણા.....આપણા સૌના સાથી છે....ને સરજુસિંહ ઊંચો–નીચો થવા લાગ્યો. ક્યારે નામ બોલાય ને ક્યારે હું જાઉં.....ક્યારે નામ બોલાય ને ક્યારે હું જાઉં....

ત્યાં સાબરે કહ્યું, સન્માન મેળવે છે આપણા સૌના સાથી એવા હિંમતહાથીને !

સાંભળીને સૌએ તાળી પાડી–પાડીને, ચિચિયારીઓ કરી–કરીને સૂરજસાબરની જાહેરાતનું સ્વાગત કર્યું. ત્યાં તો સરજુસિંહ ગુસ્સાથી લાલપીળો થઈ ગયો. ગર્જના કરી–કરીને કહેવા લાગ્યો, ‘હાથી અને વળી પરાક્રમી ? એ વાતનો મેળ પડતો નથી. આ સન્માન તેને મળે તેમાં હું રાજી નથી. મારું તો સન્માન થવાને બદલે અપમાન થઈ રહ્યું છે.’

સૂરજસાબર કહે, ‘મહારાજ ! આપ ગુસ્સે ન થાવ. આપની વાત શાંતિથી કરો.....’

સરજુસિંહ કહે, ‘આ હાથીડા ! મોટાં મોટાં શરીર ! જેવાં શરીર એવાં જ મોટાં પેટ ! પોતાનું પેટ ભરવામાં જ સમય અને શક્તિ **ખરચી** નાખે. પછી તો કેવું પરાક્રમ અને કેવી વાત ! મારી જ વાત જાણી લો..... કોઈ પ્રાણી પર હુમલો કરું તો એ પ્રાણી જાનથી ગયું જ સમજો. આખા વરસમાં આવાં કેટલાંય પ્રાણીઓનો મેં શિકાર કર્યો છે....ક્યારેક તો મોટાં મોટાં જિરાફને પણ કાબૂમાં કરી તેનો ખોરાક કર્યો છે...આનાથી વિશેષ પરાક્રમ હોઈ શકે ખરાં ?’

ને પછી બધાં પ્રાણીઓને સંબોધીને કહે, ‘તમે જ સૌ કહો....આ મને અન્યાય છે કે નહિ ?’ બધાં પ્રાણીઓ તો સિંહથી ડરતાં ફરે....કહે, આ તો અન્યાય જ છે !’ ને પછી સૌ અંદરોઅંદર ચણભણ કરવા લાગ્યાં. ત્યાં સૂરજસાબર બોલ્યા, જુઓ, મારી વાત સાંભળો.....’ ને સૌ પ્રાણીઓ સૂરજસાબર શું કહે છે તે સાંભળવા શાંત થઈ ગયાં.

સૂરજસાબરે પોતાની વાત શરૂ કરી.... ‘સર**જુ**સિંહ ! આપ તો જંગલના રાજા છો.... પરાક્રમી છો એ વાત સાચી અને એ પરાક્રમ દ્વારા જ આપ આપનો ખોરાક મેળવો છો એ પણ એક હકીકત છે; પરંતુ આ હિંમતહાથીની વાત પણ સાંભળવા જેવી છે. આ વરસનું ચોમાસું આપ સૌ જાણો છો તેમ બહુ જ ભારે **રહ્યું**. પુષ્કળ વરસાદ પડેલો. સર્વત્ર પાણી પાણી થઈ ગયેલું. એવે વખતે સૌ તો પોતપોતાની

સલામતીનો વિચાર કરી યોગ્ય જગ્યાએ પહોંચી ગયેલાં ને પેલા શિયાળ અને સસલાંના કેટલાયે પરિવાર પૂરમાં ફસાઈ ગયેલા. એ વખતે હિંમતહાથીએ પોતાની પરવા કર્યા વગર પલળતાં પલળતાં એ બધા જ પરિવારને પોતાની પીઠ પર બેસાડી–બેસાડીને સલામત જગ્યાએ પહોંચાડેલા.'



સૌ ધ્યાનથી આ વાત સાંભળતા હતા. સૂરજસાબરને ચૂપ થયેલા જોઈ વાંદરો કહે, 'પછી શું થયું ?' સૂરજસાબર કહે, 'પછી તો તે બધા જ પરિવારો બચી ગયેલા. હાથીઓની સમયસૂચકતા અને મદદની ભાવનાને કારણે જ આ શક્ય બન્યું. મહારાજ ! કોઈને મારી નાખવા કરતાં જિંદગી બચાવવામાં જ સાચું પરાક્રમ રહેલું છે અને એવું પરાક્રમ કરી બતાવે તે જ સાચો પરાક્રમી !

સૌએ આ સાંભળીને ફરીવાર તાળીઓના ગડગડાટથી સૂરજસાબરની વાતનો સ્વીકાર કર્યો. સૌને થયું વાત તો બિલકુલ સાચી છે. મારવા કરતાં બચાવવામાં જ સાચું પરાક્રમ રહેલું છે.

પછી તો સરજુસિંહને પણ પોતાની ભૂલ સમજાઈ. તેને થયું કે મારી તમામ શક્તિ બીજાં પ્રાણીઓને મારી નાખવામાં જ ખર્ચાઈ જાય છે. મેં ક્યારેય કોઈને બચાવ્યાં ખરાં ? નહિ જ......સરજૂસિંહે સૌની માફી માગી. સૂરજસાબરે હિંમતહાથીને બોલાવી સરજુસિંહના હાથે જ પુરસ્કાર અપાવ્યો. હિંમતહાથીએ ઉપસ્થિત સૌનો આભાર માન્યો. સૌ વિખેરાયાં.

પરંતુ ત્યાર પછી જંગલમાં પરાક્રમની વ્યાખ્યા ફરી ગઈ હતી....સૌએ માની લીધું કે મારવા કરતાં.....

■